### સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત

# સોમનાથ ખાતે રેતી શિલ્પ મહા મહોત્સવનું આયોજન

## દરિયાઈ વિસ્તારના ૩૪ જેટલા કલાકારોએ ભાગ લઈ ઉત્તમ કૃતિઓનું કર્યું સર્જન : સૌરાષ્ટ્ર તમિલ સંગમનું લોગો શિલ્પ, ભગવાન ગણેશ, જી-૨૦, નટરાજનું શિલ્પ બન્યા આકર્ષણનું કેન્દ્ર







ગાંધીનગર, તા.૧૭

સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથસિંહના વરદહસ્તે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આજે સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર તમિલ સંગમમ કાર્યક્રમનો ભવ્ય શુભારંભ થયો હતો. તા. ૩૦ એપ્રિલ સુધી ચાલનારા આ મહોત્સવમાં બીચ સ્પોર્ટસ, હસ્તકલા, લાઈટ એન્ડ સાઉન્ડ શો જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા રેતી શિલ્પ મહા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રેતી શિલ્પ મહા મહોત્સવના આયોજન અંગેની જાણકારી આપતા ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સચિવશ્રી ટી.આર દેસાઈએ જણાવ્યું હતું કે, લલિતકલા અકાદમી દ્વારા ગુજરાતના કલાકારોને વિશેષ પ્રોત્સાહન મળે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. રેતી શિલ્પ જે પૈકીની એક પ્રવૃત્તિ છે. સૌરાષ્ટ્રના દરિયાઈ વિસ્તારોમાં આ પ્રવૃત્તિ કરવામાં આવે છે. પોરબંદરના માધવપુરના મેળામાં, દ્વારકા અને સોમનાથમાં અગાઉ આ મહોત્સવની ઉજવણી કરી છે. દરિયાઈ વિસ્તારના ૩૪ જેટલા કલાકારોએ આ મહોત્સવમાં ભાગ લઈ ઉત્તમ કૃતિઓનું સર્જન કર્યું છે. જે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમનું લોગો શિલ્પ, ભગવાન ગણેશ, જી-૨૦, નટરાજ એવા અલગ અલગ ૧૫ જેટલા શિલ્પો વિવિધ કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. શિલ્પ બનાવવામાં ૩ થી ૪ દિવસ જેટલો સમયગાળો લાગ્યો હતો. આ ઉત્સવ શરૂ થયાના બે દિવસ અગાઉ આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આવા શિલ્પ મહોત્સવના કાર્યક્રમો દરિયાઈ વિસ્તારોમાં થતા રહેવા જોઈએ, જેથી દરિયાઈ વિસ્તારના રેતી શિલ્પ કલાકારોને વિશેષ પ્રોત્સાહન મળે છે.

મહારાષ્ટ્રના કોલ્હાપુરના રહેવાસી અને જામનગર આર્મીમાં ફરજ બજાવતા અભિજીત મગદુમ જણાવે છે કે, હું આજે સોમનાથ મહાદેવના દર્શને આવ્યો છું. સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંતર્ગત જે રેતી શિલ્પ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે તે ખૂબ જ સરસ કાર્ય છે. આ મહોત્સવની અંદર ભગવાન શિવ, ગણપતિના લોગો વાળા અલગ અલગ શિલ્પો તૈયાર કરવામાં આવ્યા છે. જે ખૂબ જ રસપ્રદ છે.

## પ્રાકૃતિક ખેતીને જન આંદોલન બનાવવું છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર, તા.૧૭

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રી મળી બધા જ પ્રાકૃતિક ખેતી જન આંદોલન બને અને દેશભરમાં ગુજરાત પ્રાકૃતિક ખેતીનું રોલ મોડલ બને તે માટે પ્રયત્નશીલ છે. આ વર્ષમાં સમગ્ર ગુજરાતને ૧૦-૧૦ ગામના ક્લસ્ટર (સમૂહ)માં વહેંચી બે ટ્રેનર પ્રત્યેક ગામમાં ખેડૂતોને પ્રશિક્ષણ આપશે. જેના થકી પ્રાકૃતિક ખેતીનું અભિયાન જન જન સુધી પહોંચાડી શકાશે, એમ ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વલસાડ જિલ્લાના પારડીમાં મોરારજી દેસાઈ ઓડિટોરીયમ ખાતે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં કહ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું જે ઉત્પાદન થશે તેના વેચાણ માટે જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ખેડૂતો માટે બજારની વ્યવસ્થા કરશે, જ્યાં સપ્તાહના દર ગુરૂવાર અને રવિવારે ખેડૂતો પ્રાકૃતિક ખેતપેદાશ વેચી શકશે. ખેતપેદાશ વેચનારને સરકારના બે અધિકૃત ટ્રેનર દ્વારા સર્ટિફિકેટ અપાશે, કે તેઓ પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતો છે અને ઝેરમુક્ત ખેતી કરે છે. તાલીમ આપનાર ખેડૂતોને સરકાર દ્વારા માનદ્ વેતન પણ ચૂકવાશે. આના થકી રાજ્યમાં મોટુ નેટવર્ક ઉભુ થશે, જે અભિયાન રૂપે કામ કરશે.

પ્રાકૃતિક ખેતીના પોતાના અનુભવથી ખેડૂતોને નવી દિશા આપનાર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વધુમાં જણાવ્યું કે, છેલ્લા ૩ વર્ષથી ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી માટે અભિયાન ચાલી રહ્યું છે. રાજ્યના સાડા ચાર લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. આ અભિયાનને જન આંદોલન તરીકે આગળ વધારવાનું છે. વલસાડ જિલ્લામાં મોટી સંખ્યામાં લોકો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. વલસાડ જિલ્લો ખેતીવાડીથી સમૃધ્ધ છે. અહીંના ખેડૂતો સમગ્ર વિશ્વને મીઠી મધુર કેરી ખવડાવે છે.

રાસાયણિક ખાતરથી જમીન અને ખેતીના પાકને તેમજ પ્રજાના આરોગ્યને થઈ રહેલા નુકસાન અંગે રાજયપાલશ્રીએ જણાવ્યું કે, દુનિયામાં ગ્લોબલ વોર્મિંગ માટે રાસાયણિક ખાતર ૨૪ ટકા જવાબદાર છે. જમીન વેરાન અને બિનઉપજાઉ બની રહી છે. છેલ્લા વર્ષે જાહેર થયેલા ભારતના ઓર્ગેનિક કાર્બન રિપોર્ટમાં દેશની જમીનમાં ૦.૩ - ૦.૪ થી નીચે ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ જોવા મળ્યું છે જે પહેલાં ૨.૫ થી ૫ ટકા હતું. છેલ્લા ૩ વર્ષથી જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે છે તેઓ પોતાની જમીનના ઓર્ગેનિક કાર્બન ચેક કરાવશે તો ૧ થી ૧.૫ ટકા વધ્યું હોવાનું જોવા મળશે. રાસાયણિક ખાતરનો આમ જ ઉપયોગ થતો રહેશે તો આગામી ૫૦ વર્ષમાં ખેતીની જમીન આપણા ઘરના ફર્શ જેવી થઈ જશે કે જેના પર કંઈ ઉગાડી નહીં શકાય. ખેતરમાં રાસાયણિક ખાતર નાંખવાથી જમીન, મનુષ્ય અને પ્રાણીઓને પણ કેન્સર થઈ રહ્યું છે. લોકોને પણ રાસાયણિક ખાતરથી થતી ખેત પેદાશથી ૩ ઘણી વધારે ઝડપથી કેન્સર, હાર્ટએટેક, કીડની ફેઈલ્યોરના અને ચર્મરોગો થઈ રહ્યા છે. હોસ્પિટલો દર્દીઓથી ભરેલી છે. ૪૦-૫૦ વર્ષ પહેલાં લોકો આવી બિમારીને જાણતા પણ ન હતા પરંતુ હવે ઘરે ઘરે આ બિમારીઓ જોવા મળી રહી છે. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં ઈન્ચાર્જ જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનિષ ગુરવાનીએ જણાવ્યું કે, જિલ્લામાં ૧૬,૨૬૭ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે અને તેઓની ખેત પેદાશના વેચાણ માટે સાપ્તાહિક બજાર પણ ભરાય છે. આભારવિધિ પ્રાયોજના વહીવટદારશ્રી અતિરાગ ચેપલોતે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉન્નતિબેન દેસાઈએ કર્યું હતું.

## ‘અ’ વર્ગની તમામ નગરપાલિકાઓને મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજનાનો લાભ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોને સુદ્રઢ જાહેર શહેરી પરિવહન સુવિધા આપીને ‘‘ઈઝ ઓફ લીવીંગ’’ વધારવાનો જનહિત અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર રાજ્યની બે નગરપાલિકાઓ ગાંધીધામ નગરપાલિકા અને બોટાદ નગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના અન્વયે નવી ૩૪ બસોના સંચાલન માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના રાજ્યમાં ૨૦૧૮ થી શરૂ કરવામાં આવેલી છે તેમજ ૮ મહાનગરપાલિકાઓ અને ૧ લાખથી વધુની વસ્તી ધરાવતી ‘અ’ વર્ગની ૨૨ નગરપાલિકાઓનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલો છે. રાજ્ય સરકારે ‘અ’ વર્ગની ૨૦ નગરપાલિકાઓ માટે ૨૫૨ બસ મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના અન્વયે કાર્યરત કરાવી છે. હવે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વધુ બે નગરપાલિકાઓ ગાંધીધામને ૧૩ અને બોટાદને ૨૨ બસના સંચાલન માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આપેલી આ મંજૂરીને પરિણામે રાજ્યની ‘અ’ વર્ગની તમામ ૨૨ નગરપાલિકાઓને મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના તળે સાંકળી લેવામાં આવી છે અને નાગરિકોને સરળ જાહેર પરિવહન સેવાઓ મળતી થઈ રહી છે. આ મુખ્યમંત્રી શહેરી પરિવહન યોજના માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પ્રતિવર્ષ રૂ. ૨૯૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવે છે.

એટલું જ નહિ, આ યોજના અન્વયે ગ્રોસ કોસ્ટ કોન્ટ્રાક્ટ મોડલ પર સમગ્રતયા કુલ ૨૮૬૪ શહેરી બસ ઉમેરવાના લક્ષ્ય સામે અત્યાર સુધીમાં ૧૨૫૦ બસ ઉમેરવામાં આવી છે. તદઅનુસાર, પાંચ મહાગરપાલિકાઓમાં ૩૮૨ ઈલેક્ટ્રીક બસ અને ૭૮૫ સી.એન.જી બસ મળીને કુલ ૧૧૬૭ બસ તથા ૭ નગરપાલિકાઓમાં ૮૩ સી.એન.જી બસ કાર્યરત છે.




શાળામાં ફાઈનલ પરીક્ષા પુરી થઈ ગઈ છે ત્યારે અમદાવાદથી પોતાના વતન જવા માટે કાલુપુર રેલ્વે સ્ટેશન પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

## ડમી સિમકાર્ડને લઈ રાજ્યમાં ૧૩ ગુનાઓ દાખલ કરાયા

અમદાવાદ, તા.૧૭

રાજયમાં ડમી સીમકાર્ડ બાબતે સાયબર ક્રાઈમની કાર્યવાહી સામે આવી છે. જે મુદ્દે સાયબર ક્રાઈમનુ નિવેદન સામે આવ્યું છે. રાજયમા એક જ વ્યક્તિના ફોટા પરથી ઘણા બધા કાર્ડ ઈસ્યુ થયાની વિગતો સામે આવી છે. ૪૮૬ વ્યક્તિના ફોટો પરથી ૨૯ હજાર જેટલા કાર્ડ ઈસ્યુ થયા છે.

સાયબર ક્રાઈમ હ્રઅજીઁ બી એમ ટાંકએ જણાવ્યું કે, ૨૬૦૦ જેટલા ઁજી ઈનવોલ્વ હતા અને ૪૮૬ના વ્યક્તિના ફોટા પરથી ૨૯ હજાર જેટલા કાર્ડ ઈસ્યું થયા છે. તેમણે વિગતો આપતા જણાવ્યું કે, એક ટીમ બનાવવામાં આવી હતી અને અભ્યાસ કર્યો છે અને ૧૦૨ઁજ માથી ૧૬૦૦૦ કાર્ડ આપવામાં આવ્યા હતા. છ્જી અને સાયબર ક્રાઈમ તથા જિલ્લાની પોલીસની મદદ લેવાઈ હતી અને અત્યાર સુધીમાં ૧૫ ગુના દાખલ કરાયા છે. જેમાં ડમી સીમકાર્ડ સુરત, બનાસકાંઠા, ભાવનગર જિલ્લામા વધુ એકટીવ થયા છે. ૧૮ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ૫ કાર્ડ એવા છે જેમા અલગ રાજ્યોમા ફરીયાદ નોંધાઈ છે. ઓનલાઈન ફ્રોડમા એન ઉપયોગ થયો હતો.

રાજયમાં સિમકાર્ડના દુરૂપયોગ અંગે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે આ મામલે માહિતી સામે આવી હતી કે, સિમકાર્ડના દુરૂપયોગને લઈ રાજ્યમાં અનેક ગુના નોંધાયા છે. જેમાં એક જ વ્યક્તિના ફોટોનો દુરઉપયોગ કરી સિમકાર્ડ એક્ટિવ કરાવવામાં આવ્યા હોવાનો પર્દાફાશ થયો હતો. વધુમા રાજયભરમાં ૨૯ હજારથી વધુ સિમકાર્ડ ઈસ્યુ થયાનો પણ ઘટસ્ફોટ થયો હતો. જેની તપાસમાં સામાન્ય વ્યક્તિના દસ્તાવેજ પર એક જ ફોટો લગાવી સિમકાર્ડ વેચાયા છે. જે સિમ છેતરપિંડી, ક્રિકેટ સટ્ટો, ગેમ્બલિંગ સહિતના ગેરકાયદે કામમાં વપરાતા હોવાની શકયતા હોવાથી પોલીસ દ્વારા તે દિશામા કાર્યવાહી હાથ ધરાઈ હતી. ૪૮૬ જેટલા ફોટાનો દુરઉપયોગ કરી સીમકાર્ડ વેચાયાનું સામે આવતા રાજ્યભરમાં ૧૫ ગુના દાખલ કરી ૧૮ આરોપીની ધરપકડ કરાઈ હોવાનું સત્તાવાર નિવેદન સામે આવ્યું હતું. થોડા દિવસ આગાઉ અમદાવાદ એસઓજીની ટીમે દાણીલીમડા વિસ્તારમાં આવેલા ચામુંડાકૃપા નિવાસમાં રહેતા અંકિત પરમારની અટકાયત કરીને પૂછપરછ કરી હતી. અંકિતના ફોટોગ્રાફસના અધારે અલગ અલગ નામે સિમકાર્ડ ઈશ્યૂ થઈ ગયાં હતાં. એસઓજીએ અંકિત સમક્ષ હકીકત રજૂ કરી ત્યારે તે પણ ચોંકી ગયો હતો



ઉનાળાની ગરમી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે રોડ પર ઉગેલા ગરમારાના વૃક્ષ પર ફુલ જોવા મળી રહ્યા છે.

## ક્રોમાએ વાપી, બાપુનગર અને સરગાસણમાં તેના નવા સ્ટોર ખોલીને ગુજરાતમાં ઝડપી વિસ્તરણ કર્યું

### વિસ્તરણ હેઠળના ઇલેક્ટ્રોનિક્સ રિટેલ ડેસ્ટિનેશનનો હવે ગુજરાતમાં વાપી, બાપુનગર અને સરગાસણ ખાતે પ્રારંભ થઈ ચૂક્યો છે




તાતા ગ્રૂપની ભારતની પ્રથમ અને વિશ્વસનીય ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમા તેના નવા સ્ટોર્સના પ્રારંભ સાથે ગુજરાતમાં ઝડપથી વિસ્તરણ કરી રહી છે. કંપનીએ અમદાવાદમાં બાપુનગરમાં તેનો ૫૧મો સ્ટોર, સરગાસણમાં ૫૨મો સ્ટોર અને વાપીમાં તેનો ૫૫મો સ્ટોર શરૂ કર્યો છે.

ક્રોમા શહેરમાં ૫૫૦થી વધુ બ્રાન્ડ્સમાં ૧૬૦૦૦થી વધુ પ્રોડક્ટ્સ ઓફર કરતી પ્રથમ રાષ્ટ્રીય અને લાર્જ ફોર્મેટ સ્પેશિયાલિસ્ટ ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર છે. અમદાવાદ એ ગુજરાતનું આર્થિક પાટનગર છે, જ્યાં ફિનટેક, ફાર્મા અને એન્જિનિયરિંગ ઉદ્યોગોનું પ્રભુત્વ છે. વાપી એક ઔદ્યોગિક નગર છે અને તે ગુજરાતની સૌથી મોટી જીઆઈડીસી ધરાવે છે.

બાપુનગરની બહુમતી વસ્તીમાં મોટેભાગે યુવાન બ્લુ કોલર કામદારો અને જથ્થાબંધ વેપાર સાથે સંકળાયેલા વેપારીઓ છે. ક્રોમા સ્ટોર શહેરના મુખ્ય ઈલેક્ટ્રોનિક અને મોબાઈલ માર્કેટની એક બાજુએ છે જે બાપુનગરમાં સ્વામિનારાયણ મંદિરની સામે, વ્હાઈટ હાઉસ ખાતે આવેલો છે. સરગાસણ એ ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે વિકસી રહેલો વિસ્તાર છે, જેમાં મોટાભાગના ગ્રાહકો વ્હાઈટ કોલર જોબવાળા, સરકારી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ છે. ક્રોમા સ્ટોર ગાંધીનગર બાયપાસ રોડ પર આશ્કા મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલની સામે ધ પ્લુટસ ખાતે મુખ્ય રોડ પર આવેલો છે. વાપીનું અર્થતંત્ર મુખ્યત્વે મોટા, મધ્યમ અને નાના પાયાના ઉત્પાદન એકમો દ્વારા ચાલે છે. આ સ્ટોર મુંબઈ-ગુજરાત નેશનલ હાઈવેથી ૮૦૦ મીટરના અંતરે આવેલો છે અને પારડી, ઉદવાડા, સંજાણ, ભીલાડ, સિલવાસા અને અતુલ જેવા નજીકના નગરોના ગ્રાહકો સરળતાથી તેનો લાભ લઈ શકે છે.

### ૮ નવા કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દંપત્તિ રાંચી ગયુ હતુ અને ૧૪મી તારીખે પરત ફર્યુ હતુ. આ પછી તાવ શરદી અને અન્ય તકલીફો જણાતાં કોરોના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત સે. ૪માં અંબાજી જઈ પરત ફરેલ એક યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલ ૬ કેસમાં કુડાસણમાં દંપત્તિ ઉપરાંત સેક્ટરોમાંથી ૪ કેસ મળી આવ્યા છે.

સે. ૮માંથી ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૮માંથી ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૪ માંથી ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૩માંથી ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૮ કોરોના માટે સંવેદનશીલ બની રહ્યુ છે. આ સેક્ટરોમાં કેસો સતત વધી હહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં ૪૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

### હરકતમાં આવ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એન્જીનિયરીંગ ક્ષેત્રના ૫૦ થી ૬૦ એકમો છે જ્યારે ૮૫ થી ૯૦ જેટલા કેમિકલ યુનિટો કાર્યરત છે. શહેરમાં વધતા જતા પ્રદૂષણને નાથવા માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ હરકતમાં આવ્યુ છે.

કલોલમાં ઔદ્યોગિક વિકાસની સાથે હવાના પ્રદૂષણની સમસ્યા ઉભી થતાં નગરજનો તેમજ આસપાસના વિસ્તારોના લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

### ફેન્સીંગ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ નવા રોપાવો ઉછેરવા આયોજન કરી દેવાયું છે જેને ધ્યાનમાં રાખીને ગરમીના દિવસોમાં ખાડા ખોદવાનું પણ શરૂ કરી દેવાયું છે જ્યારે બીજી તરફ જ માર્ગ પર સેક્ટર ૭ ૮ થી શરૂ કરી વન વિસ્તારમાં ફેન્સીંગનું પણ નવીનીકરણ કરવામાં આવશે હાલ આ વિસ્તારમાં ફેન્સીંગ તૂટી જતા નીલગાય રખડતી જોવા મળે છે આ ઉપરાંત વન આરક્ષિત વિસ્તારમાં ગંદકીનું પણ પ્રમાણ વધ્યું છે સફાઈના અભાવે કચરાના ઢગ ખડકાયા છે જો કે ફૅન્સીન્ગના અભાવે વન વિસ્તાર ખુલ્લો થઈ ગયો છે જેના લીધે દબાણની સમસ્યા પણ પેચીદી બનતી જાય છે આ સઘળી સ્થિતિને ધ્યાન માં રાખીને આગામી દિવસોમાં નવી ફેન્સીગ નાખવાની પણ યોજના હાથ ધરવામાં આવશે.

### દરમાં ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાચી ધાતુઓ, ખાદ્ય ઉત્પાદનો, કાપડ, બિન ખાદ્ય ચીજવસ્તુઓ, ખનિજો, રબર અને પ્લાસ્ટિક ઉત્પાદનો, ક્રૂડ-પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તેમજ કાગળ અને પેપર ઉત્પાદનોના ભાવમાં ઘટાડો થવાને કારણે આ વખતે જથ્થાબંધ ફુગાવો ઘટ્યો છે.

માર્ચ માટે જથ્થાબંધ ભાવ સૂચકાંક આધારિત ફુગાવાના આંકડા જાહેર કરવાના દિવસો પહેલા, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે ૧૨ એપ્રિલે જણાવ્યું હતું કે, છૂટક ફુગાવો ગયા મહિને ૫.૬૬ ટકાના ૧૫ મહિનાના નીચા સ્તરે પહોંચી ગયો છે.

મૂળભૂત ધાતુઓ, ખાદ્ય ઉત્પાદનો, કાપડ, બિન-ખાદ્ય ચીજો, ખનિજો, રબર, પ્લાસ્ટિક ઉત્પાદનો, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ અને કાગળ અને પેપર ઉત્પાદનોના ભાવમાં ઘટાડો થવાને કારણે માર્ચ ૨૦૨૩ માં ફુગાવો સામાન્ય થયો છે.

### ૫ ગોલ્ડ જીત્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોલ્ડ મેડલ જીત્યા હતા. આર માધવને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર તેના પુત્રની ફોટો શેર કરીને ખુશી જાહેર કરી હતી. વેદાંતે આ અઠવાડિયાના અંતે મલેશિયા ઈન્વિટેશનલ એજ ગ્રુપ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો. ફોટોમાં વેદાંત ભારતીય રાષ્ટ્રધ્વજ અને પાંચ ગોલ્ડ મેડલ સાથે પોઝ આપતો જોવા મળી રહ્યો છે. જ્યારે અન્ય એક ફોટોમાં તે તેની માતા સરિતા બિર્જે સાથે જોવા મળ્યો હતો.

સોશિયલ મીડિયા પર ફોટો શેર કરતા આર માધવને લખ્યું, ઈશ્વરની કૃપા અને તમારા બધાની શુભકામનાઓ સાથે વેદાંતને ભારત માટે પાંચ ગોલ્ડ (૫૦ મીટર, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર અને ૧૫૦૦ મીટર) અને બે પીબી મળ્યા. આ ઈવેન્ટ મલેશિયા ઈન્વિટેશનલ એજ ગ્રુપ સ્વિમિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં આ અઠવાડિયે કુઆલાલમ્પુરમાં આયોજિત કરવામાં આવી હતી. અમે ઉત્સાહિત છીએ અને પ્રદીપ સરના ખૂબ આભારી છીએ.

### તિરંગો ફરકાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમનું ગુંજી ગામમાં સ્વાગત કર્યું હતું. પરંપરાગત પોશાકમાં સજ્જ મહિલાઓએ શિવ વંદના અને સ્વાગત ગીત રજૂ કર્યું હતું. સાંસદ તમટાએ કહ્યું કે, અમારા વડવાઓએ ઘણો સંઘર્ષ કર્યો છે. ટનકપુરથી લિપુલેખ સુધી રોડ બનાવવાનું કામ પ્રાથમિકતાના ધોરણે કરવામાં આવ્યું છે. ૫૬ કરોડ ૬૮ લાખના ખર્ચે સરહદી ગામોનો વિકાસ કરવામાં આવશે.